सत्यमेव जयते

**જે.આર.મોથલીયા, I.P.S.**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર

**ક્રમાંક : જી/૭૨૫/ટ્રાફીક/ ૧૦૨ /૨૦૧૯**
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,શાહીબાગ,અમદાવાદ શહેર
ટે.નં. ૦૭૯– ૨૫૬૩૩૨૩૨ તારીખ: ૯ / ૧ /૨૦૧૯
**ઇ–મેઇલ : adcp-traffic-ahd@gujarat.gov.in**

# પ્રશંસાપત્ર

રોડ સેફ્ટીના નિયમોનું અમલ/પાલન સુનિશ્ચિત કરવા નામ.સુપ્રિમ કોર્ટ રોડ સેફ્ટી કમિટિના દિશા–નિર્દેશો મુજબ પાલન કરવા ગુજરાત રાજ્યમાં રોડ સેફ્ટી ઓથોરીટીની રચના કરવા તા.૧૯/૨/૨૦૧૮ ના રોજ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ–૨૦૧૮ પસાર કરવામાં આવેલ છે .

આ કાયદાની અમલવારી કરાવવા આપશ્રીને અત્રેથી અનુરોધ કરવામાં આવતા આપની નિરમા યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા નોકરી કરતા સ્ટાફના માણસો કે જેઓ ટુ–વ્હીલર લઇને આવે છે તેઓને ફરજીયાત હેલ્મેટ પહેરવા તેમજ સંસ્થામાં વાહનોનું યોગ્ય પાર્કિંગ કરવા બાબતે સરક્યુલર કરી હેલ્મેટ નહી પહેરનારને નિરમા યુનિવર્સિટીમાં પ્રવેશ બંધી કરેલ છે અને આ પ્રવેશ બંધી અંગે તમોએ તા.૨૧/૧૨/૨૦૧૮ થી નિરમાના હુકમ નંબર : એનયુ/એસી/સરક્યુલર/ટી.આર./૧૮–૫૨૩૮ થી ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ–૨૦૧૮ ની ચુસ્ત અમલવારી કરેલ છે. તેમજ આ અંગે તમોએ યુનિવર્સિટીમાં દાખલ થતા ગેટ આગળ જ **'No Helmet No Entry'** નું બેનર્સ/હોર્ડીંગ્સ લગાવી રોડ સેફ્ટીની શહેરની અન્ય શૈક્ષણિક સંસ્થા અને સંકુલોમાં પાલન કરવા માટે એક ઉત્તમ ઉદાહરણ પુરુ પાડેલ છે.

આપશ્રી દ્વારા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ–૨૦૧૮ ની ચુસ્ત અમલવારી કરવા બાબતે આ ઉત્તમ પ્રકારની અને પ્રશંસનીય કામગીરી બદલ હું આપને અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં પણ આપ આ રીતે જ રોડ સેફ્ટી અંતર્ગત ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરશો અને કરાવશો એવી અપેક્ષા રાખુ છું.

**( જે.આર.મોથલીયા )**
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર

શ્રી જી.આર.નાયર,
એક્ઝીક્યુટીવ રજીસ્ટ્રાર
નિરમા યુનિવર્સિટી
એસ.જી. હાઇવે, અમદાવાદ શહેર